# પરિષદ-પ્રમુખનો પત્ર

જુલાઈ, ૨૦૦૮

## ગુજરાતીનું ભાવિ ગુજરાતીઓના હાથમાં

ગુજરાતી ભાષાના ભાવિ અંગે આજકાલ થોડો ઊહાપોહ થયો છે. આપણી માતૃભાષા બેત્રણ દાયકાઓમાં તો સાવ ભૂંસાઈ કે ભુલાઈ જશે એમ કેટલાક વિદ્વાનો કહે છે. બીજા કેટલાક કહે છે કે એમ કદાપિ નહીં થાય. ગુજરાતીના ભાવિ અંગે દર્દભર્યો વરતારો કરનારાઓનાં મનમાં પણ ચિંતા જ ભરેલી છે, તેઓ કાંઈ ભાષાને શાપ આપવા નથી ઇચ્છતા. અને એમની વાત ન સ્વીકારનારાઓ ભાવિ અંગે પોતાની શ્રદ્ધા વ્યક્ત કરે છે, પરંતુ તેઓ ભાષા અંગે બેફિકર નથી. તેઓ સાવ નચિંત છે, એમ પણ ન કહેવાય. આ બંને પક્ષોનો સાધારણ ભાવ તો ભાષા પ્રત્યેનો પ્રેમ જ છે. તેથી ચિંતા અને શ્રદ્ધા બંનેની પાછળનાં કારણો સાથે તપાસીએ. તેમ કરવું ગુજરાતી ભાષાના પ્રેમીઓને સારુ હિતકારક નીવડે. વિદ્વાનો અને પંડિતો આ બાબત ઘણા ઊંડા ઊતરી શકે. આ બાબત મારી રજૂઆત તો એક ભાષાપ્રેમી સાધારણ નાગરિક તરીકેની જ છે.

ભાષા પર ઝઝૂમતા ભયનો વિચાર કરવા જતાં કેટલાંક ભયસ્થાનો જણાઈ આવે છે. ઇતિહાસમાં કેટલાક શાસકો ઇરાદાપૂર્વક પ્રજા ઉપર કોઈ અન્ય ભાષા લાદતા જોવામાં આવ્યા છે. એમ કરવા પાછળ મુખ્યત્વે બે કારણો હતાં. ઘણા આક્રમણકારી કે વિજેતા શાસકો પોતાની ભાષાને તથા સંસ્કૃતિને જિતાયેલ પ્રજાની ભાષા કે સંસ્કૃતિ કરતાં ચઢિયાતી માનતા હતા. એ થયું એક કારણ. જિતાયેલ પ્રજાના માનસમાં હીનભાવ પેશ કરીને પોતાના શાસનને ટકાવી રાખવાની ઇચ્છા એ બીજું કારણ હતું. તો વળી કેટલાક શાસકોની માન્યતા જ ખરેખર એવી હતી કે તેઓ પોતાની ભાષા જિતાયેલ પ્રજાના મગજમાં ઘુસાડીને એમની ઉપર ઉપકાર કરતા હતા અથવા તેમનો 'ઉદ્ધાર' જ કરી રહ્યા હતા. મેકૉલેએ આપણે ત્યાં અંગ્રેજી શિક્ષણ દાખલ કર્યું ત્યારે આ ત્રણે પ્રકારનાં કારણોએ ભાગ ભજવ્યો હતો.

આક્રમક સામ્રાજ્યવાદી નીતિ સૌથી વધારે કારગર નીવડી દક્ષિણ અમેરિકામાં, જ્યાંની મૂળ ભાષાઓ આજે નામશેષ થઈ છે. ત્યાં બ્રાઝિલમાં પોર્ટુગીઝ તથા બાકી બધા દેશોમાં સ્પેનિશ ભાષાની આણ વર્તે છે. માત્ર ભાષાઓ બાબતે જ નહીં પણ બીજી અનેક બાબતોમાં દક્ષિણ અમેરિકાના દેશોની સભ્યતા આજે તો ગ્રંથાલયો કે સંગ્રહાલયોમાં વાચકો કે પ્રેક્ષકોના કુતૂહલનો વિષય બનીને ટકી ગઈ છે. ઘર આંગણે, એક કાળે મણિપુર રાજ્યમાં કોઈ બાંગ્લાભાષી સમ્રાટની ફિતૂરનું ત્યાંની લિપિની બાબતમાં લગભગ આવું જ થયું હતું. રાજાએ આદેશ સૂચવ્યો કે મૂળ મણિપુરી લિપિમાં છપાયેલ તમામ વાઙ્મયને નષ્ટ કરવામાં આવે અને એને બદલે બંગાળી લિપિ જ રાજ્યભરમાં ફરજિયાત દાખલ કરવામાં આવે. આજે ત્યાં ભાષા તો મણિપુરી બોલાય છે, પણ તે લખાય કે છપાય છે બંગાળી લિપિમાં. આ ઇતિહાસ દક્ષિણ અમેરિકાના ઇતિહાસ કરતાં તાજો છે. પણ ૨૦મી સદીના છેલ્લા ભાગમાં આ બાબતને લઈને મણિપુરમાં વિદ્રોહ થયો અને આજે ત્યાં જૂની મણિપુરી લિપિ ફરી માથું ઊંચકી રહી છે. આ હકીકતની પણ સમાજશાસ્ત્રના અભ્યાસુઓએ નોંધ લેવી ઘટે. કોઈ આપખુદ શાસક જો ભાષા કે લિપિ પ્રજા પર ઠોકી બેસાડવાનો પ્રયાસ કરે છે, ખૂબ ઊંડાં છે. વેદ, ઉપનિષદ, રામાયણ, મહાભારત ને ભગવદ્ગીતાથી માંડીને મધ્યકાલીન સંતો અને કવિઓનો મહાન વારસો ગુજરાતી ભાષાને તો એની પ્રજા વહેલી કે મોડી બળવો કરે છે.

સમાજના તમામ વહેવારોમાં નહીં, પણ સરકારી વહીવટમાં વિજેતાની ભાષાને ફરજિયાત બનાવી પ્રજા ઉપર લાદવી એ કોઈ દેશ ઉપરના સશસ્ત્ર આક્રમણ કરતાં ઓછી ઘાતક નીતિ નથી. ખુલ્લા આક્રમણ કરતાં આ આક્રમણ ઓછું ઉઘાડું ને ઘણી વાર વધુ સંમોહક બને છે. ઘણી વાર તે વધુ કારગર પણ સિદ્ધ થાય છે. મોગલોએ ફારસી ભાષાને અદાલતોમાં દાખલ કરીને જે દાખલો બેસાડ્યો એનો લાભ એમના પછીના અંગ્રેજ શાસકોએ ભરપૂર ઉઠાવ્યો. ન્યાયિક કે પ્રશાસનિક વ્યવસ્થા જોડે જ્યારે શિક્ષણવ્યવસ્થા જોડાઈ જાય છે ત્યારે તે સમાજના ઘણા વધારે વિશાળ સમુદાયના માનસ પર કબજો જમાવે છે. આજની પ્રજાને માનસિક રીતે વધુ ગુલામ બનાવવા ને આનાથી વધુ લોભામણું સાધન શાસકોને ભાગ્યે જ જોવા મળે. શાસકોની ભાષાને વધુ મહત્વ આપી લોકોની ભાષાને ગૌણ, નિર્વીર્ય કે મૃતવત્ બનાવવાની સામ્રાજ્યશાહી નીતિ હવે તો આપણા જગતમાં જાણીતી થવા લાગી છે. તેમાંયે ઉચ્ચ શિક્ષણમાં માતૃભાષાને અવગણીને તેનું સ્થાન શાસકની ભાષાને અપાવું એ ઘણા દેશોએ અનુભવ્યું છે. સામ્રાજ્યવાદ આ રીતે અનેક દેશોની ભાષાનો જલ્લાદ બની ચૂક્યો છે.

આસ્માની કે સુલતાની કારણોથી ઘણી વાર પ્રજામાં ખાસ્સા મોટા ભાગના લોકોને મૂળ વતનથી ઉચાળા ભરવા પડતા હોય છે. આવાં સ્થળો જો કાયમ માટે અમુક વસ્તીને માભોમથી વિખૂટી પાડનાર નીવડે તો સ્થળાંતર કરનારાઓની ભાષા સારુ પણ ઘણી વાર એ જીવલેણ નીવડે છે. ગુલામી પ્રથાને પોષવા સારુ આફ્રિકા ખંડમાંથી હજારો કે લાખો શ્યામ વર્ણના લોકોનું સ્થળાંતર આ રીતે તેમને સારુ મૂળ ભાષાથી વિખૂટા પાડનાર તત્ત્વ સાબિત થયું હતું. તેમજ આપણે ત્યાંથી દક્ષિણ આફ્રિકા ગયેલા હજારો ગિરમીટિયાઓનાં મૂળિયાં એ પ્રથાને લીધે માતૃભાષાથી ઊખડી ગયાં હતાં.

માતૃભાષા સારુ ઉપર જણાવેલ તમામ કારણોથી વધુ નહીં તો એટલું જ પ્રાણઘાતક કારણ શિક્ષણના માધ્યમ તરીકે માતૃભાષાને બદલે કોઈ બીજી ભાષાને ઠોકી બેસાડવી એ બની શકે છે. એને કારણે એક પેઢીના ટૂંકા ગાળામાં માતૃભાષાનો પાયો જ હચમચી જાય એમ બને.

ઉપર જણાવેલાં કારણોમાંથી એક કરતાં વધારે કારણો આજે આપણી માતૃભાષાને પ્રભાવિત કરે છે. તેથી ચિંતા કરનારાઓ ખતરાનો ઘંટ વગાડે છે.

આ પરિસ્થિતિથી ઠીક ઠીક વાકેફ હોવા છતાં કેટલાક દઢતાથી એમ માને છે કે નજીકના ભવિષ્યમાં ગુજરાતી ભાષા લુપ્ત નહીં થાય. આની પાછળ એમની શ્રદ્ધા કામ કરે છે એ વાત સાચી. પણ શ્રદ્ધા કાંઈ તર્કની દુશ્મન નથી હોતી. તર્કને આધારે માણસ જેટલો આગળ જઈ શકે એટલો ગયા પછી શ્રદ્ધાને આધારે તે વધુ ઊંચી છલાંગ મારે છે. તર્ક એને એક હદ સુધી આગળ લઈ જાય છે. શ્રદ્ધા એને ત્યાંથી વધુ આગળ ધપવાની પ્રેરણા આપે છે.

હવે આપણે ગુજરાતી ભાષાના ભાવિ અંગે હકારાત્મક (પોઝિટિવ) વિચારનારાઓ કયા તર્કનો આધાર લઈને ચાલે છે તેનો વિચાર કરીએ.

આ લોકો આપણું એ બાબત ધ્યાન દોરે છે કે આપણી ભાષાનાં સાંસ્કૃતિક મૂળિયાં

સાંપડ્યો છે. આ સાહિત્ય, આ વિચાર અને આ દર્શન ગુજરાતી બોલનાર ને લખનારના લોહીમાં એટલી સહજ રીતે ઊતર્યાં છે કે સરેરાશ ગુજરાતી પોતાના રોજેરોજના જીવનવહેવારમાં તેનો ઉપયોગ કરે છે. આ વિચારો અને આ તત્ત્વજ્ઞાન તથા એને વ્યક્ત કરવા વપરાતી ભાષાએ ગુજરાતી ભાષાને ઘડી છે. નરસિંહ, અખો, ગોવર્ધન કે ગાંધીની ગુજરાતીમાં આપણને સહજ ભારતીય સંસ્કૃતિ અભિવ્યક્ત થતી જણાશે. કાળના કેટકેટલાયે આઘાતો આ સંસ્કૃતિએ ઝીલ્યા છે અને ભવિષ્યમાં પણ અનેક આઘાતો ઝીલવા તે સક્ષમ છે.

સંસ્કૃતિ અને દર્શનના વારસા આજે જોડાયેલ છતાં પોતાની આગવી હસ્તી ધરાવતો એવો ગુજરાતી સાહિત્યનો વારસો પણ છે. સંતોના યુગથી આરંભ કરી આધુનિક અને અનુઆધુનિક યુગ સુધી ગુજરાતી સાહિત્યે જે વારસો શોભાવ્યો અને વિકસાવ્યો છે તેમાં અન્ય સાહિત્ય પાસેથી ગ્રહણ કરીને એને અપનાવવાની સાથે પોતાની આગવી હસ્તી ટકાવવાની તાકાત પણ છે.

ગુજરાતીઓ આખી દુનિયામાં ફેલાયેલા છે. સામાન્યપણે એ પોતાના પરિવારમાં, બોલચાલ કે પત્રવ્યવહારમાં ગુજરાતી ભાષા જ વાપરે છે. વિદેશનિવાસી ગુજરાતીઓમાં હવે તો એવા સેંકડો સર્જકો પણ છે જે અન્ય ભાષાના વાતાવરણમાં જીવતા હોવા છતાં ગુજરાતી ભાષામાં સાહિત્ય નિર્માણ કરે છે. તાજેતરમાં તો પોતાનાં સંતાનોને ગુજરાતી ભાષા જતનપૂર્વક શીખવનાર પરિવારોમાં સારી એવી વૃદ્ધિ થઈ છે. વળી હવે અમેરિકા અને યુરોપનાં અન્ય ભાષાભાષીઓ પણ ગુજરાતી શીખવામાં રસ ધરાવતા મળી આવે છે. માત્ર સાહિત્યને ક્ષેત્રે જ નહીં, પણ વ્યાપારના ક્ષેત્રે પણ ગુજરાતી ભાષામાં એક આંતરરાષ્ટ્રીય ભાષા તરીકે સ્થાન મેળવવાની સંભાવનાઓ છે.

આજે ગુજરાતમાં આશરે ચારેક કરોડ જેટલા લોકો એવા છે કે જે પોતાના જીવનમાં ગુજરાતી સિવાય બીજી કોઈ ભાષાનો ઉપયોગ જ નથી કરતા. આ સંખ્યા યુરોપ, દક્ષિણ અમેરિકા અને આફ્રિકાના અનેક દેશોની વસ્તીથી વધારે છે. આ લોકો પોતાના વ્યવહારમાં ગુજરાતી ભાષા વાપરતા રહેશે ત્યાં સુધી ગુજરાતી ભાષાને વિશ્વસભામાં પોતાનું આગવું સ્થાન રહેશે. આ લોકો વિષે એક વાત બરાબર ધ્યાન રાખવા જેવી છે કે એમાંના ઘણા અભણ હશે, પણ અબોધ નથી. એ લોકો ગુજરાતીમાં સાહિત્ય ભલે લખી શકતા ન હોય પણ બોલચાલનું એમનું આગવું સાહિત્ય છે. ગુજરાતીને ટકાવી રાખવામાં બોલચાલની ભાષામાં વપરાતા સાહિત્યનો વિશેષ ફાળો છે અને રહેશે.

ગુજરાતી ભાષા આધુનિક ભારતીય ભાષાઓ પૈકી એક છે. ઉત્તર ભારતની અનેક ભાષાઓ જોડે એને સીધો નાતો છે. હિંદી, મરાઠી, બંગાળી, રાજસ્થાની, ઓડિયા ભાષાઓમાંથી ગુજરાતીમાં સીધાં ભાષાન્તરો થયાં છે. પંજાબી, અસમિયા, કન્નડ, તેલુગુ, તમિળ, મલયાલમ વગેરે ભાષાઓમાંથી ગુજરાતી અને ગુજરાતીમાંથી આ ભાષાઓમાં સીધાં ભાષાંતરો થવા માંડ્યાં છે. આમ ભારતીય ભાષાઓના ભવિષ્ય સાથે આપણું ભવિષ્ય જોડાયેલું છે. પરસ્પર રક્ષક અને પોષક એવી આ બેવડી પ્રક્રિયા છે.

ગુજરાતી ભાષાના પ્રેમી તરીકે આપણે હવે એ વાત વિચારીએ કે ગુજરાતીને જીવંત રાખવા આપણે શું કરી શકીએ.

સૌથી પહેલાં તો આપણાં બાળકોને ગુજરાતી ભાષાના માધ્યમવાળી શાળામાં જ ભણાવવાનો આગ્રહ રાખીએ. 'માધ્યમ ગુજરાતી – અંગ્રેજીનું જ્ઞાન ઉત્તમ' એ આપણું સૂત્ર હોય. ગુજરાતી માધ્યમમાં ભણતાં બાળકો બીજી ભાષા જ માત્ર નહીં, પણ બીજા વિષયોને સુધ્ધાં વધુ સારી રીતે ગ્રહણ કરે છે એ શિક્ષણશાસ્ત્રીઓનો અનુભવ છે.

સૌ ગુજરાતીઓ બીજા ગુજરાતીઓ જોડે ગુજરાતીમાં જ બોલવાનો આગ્રહ રાખે. જ્યારે તેઓ બિનગુજરાતીઓ જોડે બોલે ત્યારે હિંદીમાં બોલે, વિદેશમાં હોય ત્યારે પણ ગુજરાતીઓ સાથે તો ગુજરાતીમાં જ બોલે. બિનગુજરાતીઓ જોડે તે તે દેશની પ્રચલિત ભાષામાં એટલે કે અંગ્રેજી, ફ્રેન્ચ, જર્મન, રશિયન, ચીની, અરબી કે અન્ય કોઈ ભાષામાં બોલે. બંગાળી, મરાઠી કે ઉર્દૂ બોલનારાઓ દેશમાં કે વિદેશોમાં પરસ્પર તો પોતાની ભાષામાં જ વાત કરે છે. ગુજરાતીઓ સારુ આ ટેવ અનુકરણીય છે.

લાખો ગુજરાતી વેપારીઓ પ્રદેશ બહાર કે પરદેશોમાં પણ અંદરોઅંદર ગુજરાતીમાં જ વ્યવહાર કરવાનો આગ્રહ રાખે. હવે, જ્યારે કમ્પ્યૂટરમાં ખૂબ સહેલાઈથી ગુજરાતી ભાષા વાપરી શકાય એવી સગવડ થઈ ચૂકી છે, ત્યારે એનો ઉપયોગ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પણ ગુજરાતી વ્યવહાર દ્વારા થઈ શકે.

દેશની તમામ ભાષાઓમાંથી તેમજ વિશ્વની ઘણી ભાષાઓમાંથી ઉત્તમ ગ્રંથોના ગુજરાતી ભાષામાં ભાષાન્તરો થવાં જોઈએ. એ જ રીતે ગુજરાતીના ઉત્તમ સાહિત્યનાં ભાષાન્તર દેશાવરની ભાષાઓમાં થાય એવું આયોજન થવું જોઈએ. આ બાબત સરકારી તથા બિનસરકારી સંસ્થાઓમાં ખૂબ સક્રિય થવું જોઈએ.

ગુજરાતની સરકાર જો ધારે તો ગુજરાતી ભાષાને દીર્ઘાયુ કરવામાં મહત્ત્વનો ફાળો આપી શકે. ગુજરાતની સર્વ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં માતૃભાષાના માધ્યમનો તે આગ્રહ રાખી શકે. બીજા પ્રદેશોમાં જે સ્થળે અમુક સંખ્યાથી વધારે બાળકો ગુજરાતી ભાષા શીખવા ઇચ્છતાં હોય ત્યાંની સરકાર તેની વ્યવસ્થા કરી આપે એવો આગ્રહ ગુજરાત સરકાર તેમ જ સ્થાનિક ગુજરાતી સંસ્થાઓ તરફથી રખાવો જોઈએ.

સરકાર પોતાનો આંતરિક વહેવાર સંપૂર્ણપણે ગુજરાતીમાં કરે. અન્ય ભાષીઓ સારુ હિંદી અને / અથવા અંગ્રેજી ભાષા વાપરવામાં આવે છે.

બારમા ધોરણમાં માતૃભાષાના વિષયને અનિવાર્ય બનાવવામાં આવે, જેથી કોઈ પણ વિષયમાં ઉચ્ચ શિક્ષણ મેળવવા ઇચ્છતા ગુજરાતી વિદ્યાર્થીઓ માતૃભાષાની અવહેલના ન કરે અને માતૃભાષાના ઉત્તમ જ્ઞાન દ્વારા અન્ય વિષયોને ગ્રહણ કરવાની શક્તિ ખીલવે.

છેવટે ગુજરાતી ભાષાનું ભાવિ ટૂંકું છે કે લાંબું એ પ્રશ્નનો જવાબ ગુજરાતી પ્રજા પર આધાર રાખે છે. એક પ્રજા તરીકે માતૃભાષાના વારસામાં કેટલું ગૌરવ સમાયેલું છે એનું ગુજરાતીઓને જેટલું ભાન થશે અને તેને ખાતર નિષ્ઠા અને કુશળતાપૂર્વક સમય, શક્તિ અને સંપત્તિ લગાડવા અંગે ગુજરાતીઓ જેટલું દૈવત દેખાડશે એની ઉપર ભાષાના ભાવિના પ્રશ્નનો ઉત્તર આધાર રાખશે. અલબત્ત ગુજરાતી પ્રજામાં પ્રજાના પ્રતિનિધિઓનો પણ સમાવેશ થઈ જ જાય છે. આમ ગુજરાતી ભાષાનું ભાવિ ગુજરાતીઓના હાથમાં છે.

**નારાયણ દેસાઈ**